Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 2, Issue - 3, May-June – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 28/05/2019 Accepted on : 13/06/2019 Publication Date: 30/06/2019

# પ્લેટોની આદર્શ નગરની પરિકલ્પના

**પ્રા. મયંકકુમાર જે . પટેલ**
**અધ્યાપક સહાયક, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ , કપડવંજ**
Email – mayankksarts@gmail.com

**સારાંશ :** પ્લેટોએ આદર્શ નગરની વ્યવસ્થામાં રાજ્ય અને વ્યક્તિના પરસ્પરસંબંધો, વ્યક્તિના સ્વભાવમાં રહેલા મુખ્ય ત્રણ તત્વોને આધારે સર્જાતી ત્રિવર્ગીય વ્યવસ્થા, રક્ષકો અને શાસકોને અપાતી કેળવણી, સ્ત્રીઓ, બાળકો, લગ્ન વ્યવસ્થા અને સંપત્તિ તેમજ શાસકોની જીવનવ્યવસ્થા એમ અનેક પાસાઓની ચર્ચા કરી છે.જેનો અભ્યાસ અત્રે પ્રસ્તુત છે.

**સૂચક શબ્દ:** – આદર્શ નગર , શિક્ષણ , જીવનશૈલી , ફરજ.

## પ્રસ્તાવના :

માનવ સદીઓથી આદર્શ ગ્રામ અને સમાજની સ્થાપનાનું સ્વપ્ન જુએ છે. ભારતીય અને પશ્ચિમના સાહિત્યમાં અનેક સર્જકોએ આદર્શ ગ્રામની કલ્પના કરી છી. પ્લેટોએ પણ આદર્શ નગરની વ્યવસ્થા કલ્પી છે. ગ્રીક તત્ત્વચિંતન ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનારા ચિંતકોમાં પ્લેટો ગણનાપાત્ર છે .'રિપબ્લિક' નામના પોતાના પુસ્તકમાં પ્લેટોએ આદર્શ નગરના સંદર્ભે પોતાના વિચારો પ્રસ્તુત કર્યા છે.

## પ્લેટોનું આદર્શ નગર :

પ્લેટોએ કલા, કેળવણી, રાજનીતિ, સ્ત્રી-પુરુષ સમાનતા તેમજ આરોગ્ય, કાયદાઓ અને અર્થશાસ્ત્ર સંબંધી અનેક વિચારો સંવાદના માધ્યમથી રજૂ કર્યા છે. ગ્રામ, સમાજ કે રાજ્યના અસ્તિત્વના મૂળમાં સમૂહજીવન રહેલું છે. માનવીની આ મહત્વની જરૂરિયાત સંદર્ભે પ્લેટો નોંધે છે,'આપણી જરુરિયાતો ઘણી છે અને એ પૂરી પાડવા ઘણા માણસોની જરુર પડે એમ છે.તેથી અમુક કામ કરવા કોઈ એકને મદદગાર તરીકે લે છે, અને બીજો બીજાને; અને જ્યારે આવા ભાગીદારો અને મદદગારો એક જ જગ્યાએ ભેગા મળી રહે છે ત્યારે રહેવાસીઓના એ સમૂહને રાજ્ય કહેવામાં આવે છે.તેઓ એકબીજાની સાથે માલની અદલાબદલી કરે છે, અને આવા વિનિમયથી સૌ ઈષ્ટ પ્રાપ્ત કરી શકશે એમ ધારીને એક આપે છે અને બીજો લે છે. આમ છતાં આપણા સર્જનની જે માતા છે, એ આવશ્યકતાની દેવી જ ખરેખરી સર્જક છે. હવે જીવન અને અસ્તિત્વનો આધાર અન્ન ઉપર છે, તો જરુરીયાતોમાં સૌથી મોટા અને અગ્રસ્થાને એ આવે છે. રહેવાને ઘર એ બીજી, કપડાં વગેરે ત્રીજી.' [૧] માનવીની વ્યાપક જરૂરિયાતો સંતોષવા માટે પરસ્પરના સહકાર થકી સહ અસ્તિત્વ જાળવવું માનવ માટે અનિવાર્ય બની રહે છે. અને તેના થકી જ સમૂહ જીવનનો ખ્યાલ વિકસ્યો છે. માનવીની મૂળભૂત જરૂરિયાતો અન્ન, વસ્ત્ર અને આવાસ છે ત્યારે ખેડૂત, વણકર અને કડિયો એ ત્રણેયની આવશ્યકતાથી શરૂ થયેલી આદર્શ નગરની સ્થાપના ક્રમિક રીતે પશુપાલકો, વેપારીઓ, સેવકો, શાસકો, રક્ષકો અને શિક્ષકો વગેરેના જોડાણ સુધી વિસ્તરે છે .

પ્લેટોએ આદર્શ નગરની સંરચનામાં સમાજ વ્યવસ્થાને ત્રણ વર્ગમાં પ્રસ્તુત કરી છે, પ્લેટોની આ વ્યવસ્થામાં ઉત્પાદક, રક્ષક અને શાસક એવા ત્રણ વર્ગોમાં ખેડૂત, વેપારી, કારીગર અને મજૂર વગેરે છે અને તે રાજ્યના નાગરિકોની

જરૂરિયાતો મુજબ ઉત્પાદન, વેચાણ અને શ્રમયોજના સાથે જોડાયેલા છે. જ્યારે પોતાની શક્તિઓને લીધે પસંદ થયેલા વ્યક્તિઓ યોગ્ય કેળવણી અને તાલીમના સમન્વયથી રક્ષક બનશે તેમજ આ રક્ષકોમાંથી સમાજ કલ્યાણની ભાવનાયુક્ત વિવેકબુદ્ધિ ધરાવતા વ્યક્તિઓની શાસકો તરીકે પસંદગી થશે. જોકે પ્લેટો વારસાગત રીતે નહીં પણ વ્યક્તિના કર્મ અને સામર્થ્યને આધીન વ્યક્તિનો ઉત્પાદક, રક્ષક કે શાસક વર્ગમાં સમાવેશ થાય તે શરત પર ભાર મૂકે છે. જન્મથી નહીં પણ કર્મથી વ્યક્તિની શ્રેષ્ઠતાની મૂલવવાનો પ્લેટોનો આ અભિગમ સાંપ્રતમાં પણ એટલો જ પ્રસ્તુત અને આવશ્યક લાગે છે.

પ્લેટો આ ત્રણેય વર્ગની એકબીજા સાથેની દખલગીરીને રાજ્ય માટે હાનિકર્તા લેખે છે, નગરમાં વસતા બધા જ નાગરિકો પોતાનું કાર્ય નિષ્ઠાપૂર્વક બજાવે અને બીજાના કાર્યમાં ખોટો હસ્તક્ષેપ ન કરે તે આવશ્યક છે. વ્યક્તિની યોગ્યતા અને ક્ષમતા મુજબ જે વર્ગમાં તેનો સમાવેશ થયો છે, તે પ્રમાણે વર્તે તે વ્યક્તિ અને રાજ્ય બંને માટે હિતકારક છે .

નગરના રક્ષણ કાર્ય માટે સ્વભાવથી જ યોગ્ય હોય તેવા વ્યક્તિઓની પસંદગીનો ઉપક્રમ પ્લેટોએ રાખ્યો છે. શારીરિક માનસિક સામર્થ્ય,ચપળતા,નિર્ભયપણું અને ન્યાય પ્રત્યે પ્રતિબદ્ધતા રક્ષકો અને શાસકો માટે આવશ્યક ગુણો છે. વીરતા અને નમ્રતા એ બે ગુણોનો સમન્વય કરતા તથા વિશિષ્ટ આવડત ધરાવતા નગરજનોને રક્ષક તરીકે પસંદ કરી તેમના કાર્યને અનુરૂપ કેળવણી પામેલા રક્ષકોમાંથી શ્રેષ્ઠ, અને શાસક તરીકેની જવાબદારી સહજતાથી આદર્શપણે નિભાવી શકે તેમને જ પ્લેટો શાસક તરીકે પસંદ કરવાનું ઉચિત સમજે છે .

શાસકોની જીવનશૈલી સંદર્ભે પ્લેટોના મતે સાદું જીવન અને ઉચ્ચ વિચાર એ સૂત્રને ચરિતાર્થ કરતા રાજ્ય શાસકે માત્ર જીવનયાપન માટે જરૂરી વેતન સ્વીકારી ભૌતિક સુખ સમૃદ્ધિનો ત્યાગ કરવાનો છે. વળી શાસકે પ્રજાના પ્રશ્નો ઉકેલી તેમની મુશ્કેલીઓ દૂર કરવાની છે. ત્યારે નગરનો સામાન્ય માણસ પણ સરળતાથી રાજાને મળી શકે તે પ્રકારની વ્યવસ્થા હોવી જરૂરી છે.

પ્લેટો કેળવણીને રાજ્ય નિર્માણનું અગત્યનું પાસું ગણાવી કેળવણીની આવશ્યકતા અને વ્યવસ્થા વિષયક પોતાના વિચારો પ્રસ્તુત કરે છે .'શિક્ષણનો મુખ્ય હેતુ આદર્શ શાસનકર્તાઓ કે ફિલસૂફોને ઉત્પન કરવાનો હોવો જોઈએ. એટલે કે શિક્ષણ આત્મામાં એકતા સ્થાપે અને પ્રત્યેક અંશ બુદ્ધિનું નિયંત્રણ સ્વીકારે, અને માણસને વધારે સારો બનાવે તેવું હોવું જોઈએ. કામ તથા પ્રાણનું તત્વ બુદ્ધિના આદેશ નીચે આવે તે હેતુથી માણસનો કાર્યક્રમ પણ એવો હોવો જોઈએ કે જેથી માણસ પ્રલોભન સામે ટકી શકે'. [૨] પ્લેટો કેળવણીને શારીરિક અને માનસિક એમ મુખ્ય બે ભાગમાં વહેંચે છે. શિક્ષણની શરૂઆત માનસિક કેળવણીની થાય છે જેમાં વિવિધ કલાઓ સમાવિષ્ટ છે. બાળકોની કેળવણી આપતી વખતે ચારિત્ર ઘડતર કરતી વાર્તાઓ જ તેમણે સંભળાવવાનો પ્લેટો આગ્રહ કરે છે વળી આવી.બોધપ્રેરક વાર્તાઓથી ઘડતર પામેલા બાળકો ભવિષ્યના આદર્શ નાગરિક બની શકે જે આદર્શ સમાજ માટે ઉપકારક છે.

આદર્શ નગરમાં સ્ત્રીઓનું સ્થાન અને તેમના કાર્યો વિષયક વિચારો રજૂ કરતાં પ્લેટોએ સદીઓ પૂર્વે સ્ત્રી પુરુષના સમાન અધિકારોની હિમાયત કૂતરામાં નર અને માદાના દૃષ્ટાંત દ્વારા પ્રસ્તુત કરી છે. 'કૂતરામાં શું નર અને માદા તેમાં વિભાગ પાડવામાં આવે છે, કે પછી શિકાર અને ચોકી કરવામાં તથા કૂતરાઓની બીજી ફરજો બજાવવામાં એ બન્ને સરખે હિસ્સે કામ કરે છે. અથવા તેમનાં કુરકુરિઆં ઉત્પન્ન કરવાં અને ધવડાવવાં એ કૂતરીઓ માટે પૂરતું કામ છે એમ ધારીને, માદાઓને શું આપણે ઘેર રાખીએ છીએ ? અને માત્ર નારોને જ શું આપણે ટોળાંની સંભાળ રાખવાનું કામ સોંપીએ છીયે ? ના, નર-માદા સરખે હિસ્સે કામ કરે છે ત્યારે, જો પુરુષોના જેવી જ ફરજો સ્ત્રીઓને આપવાની હોય, તો તેમના ઉછેર અને શિક્ષણ એક જ હોવા જોઈએ. પુરુષોને માટે માનસિક અને શારીરિક કેળવણીની યોજના

ઘડવામાં આવી હતી ત્યારે સ્ત્રીઓને પણ માનસિક અને શારીરિક કેળવણી આપવી જોઈએ, અને લડાઈની કળાની પણ - જે કળાની તેમણે પુરૂષોની માફક ટેવ પાડવી જોઈએ, [3] સ્ત્રીને મળવા જોઇએ તેવા અધિકારોથી વંચિત રાખવાની સ્થિતિ મહદઅંશે પુરુષપ્રધાન સમાજમાં પ્રવર્તે છે. જે આદર્શ સમાજના સર્જનમાં અવરોધક છે ત્યારે સ્ત્રીઓ પરત્વે જાતિગત ભેદભાવો દૂર થાય અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સમાન તકો મળે તે મુજબની વ્યવસ્થા આવશ્યક છે .

પ્લેટોએ કલ્પેલા આદર્શનગર સંદર્ભે ગ્લાઉકોન કહે છે, 'સમાજની આવી વ્યવસ્થા શું શક્ય છે ખરી ? અને જો કદીક હોય તો કેવી રીતે ? કારણ હું એટલું કબૂલ કરવાને તો સાવ તૈયાર છું કે તમે સૂચવે છો તે યોજનાથી જો માત્ર એ શક્ય હોય તો રાજ્યને તમામ પ્રકારનાં ઈષ્ટની પ્રાપ્તિ થાય. તમે જે છોડી દીધું છે એ પણ ઉમેરીને હું કહું છું કે તમારા નગરવાસીઓ સૌથી બહાદુર લડવૈયાઓ હશે અને પોતાની હરોળ કદી નહીં છોડે, કારણ તેઓ બધા એકબીજાને ઓળખતા હશે અને દરેક બીજાને પિતા,ભાઈ,પુત્ર કહી બોલાવતો હશે; અને સ્ત્રીઓ પણ એમના લશ્કરમાં જોડાય છે એમ તમે માનો - પછી ભલે એની એક હરોળમાં કે પાછળની, દુશ્મનોને ભયપ્રદ થઈ પડે તે ખાતર કે પછી જરૂર ને પ્રસંગે સહાયકો તરીકે,- તો મને ખાત્રી છે કે તેઓ સર્વાંશે અજય બનશે; અને બીજા ઘણા કૌટુંબિક ફાયદાઓ પણ છે જેનો ઉલ્લેખ કરી શકાય અને જેનું હું પણ પૂરેપૂરો સ્વીકાર કરું'[4] પ્લેટોએ કલ્પેલી આદર્શ નગરની વ્યવસ્થાનો વાસ્તવિક અમલ મુશ્કેલ હોવા છતાં તે મુજબ નગર રચાય તો આદર્શ નગરની કલ્પના સાકાર થઈ શકે તેવો મત ગ્લાઊકોન વ્યક્ત કરે છે .

**સમાપન :**

રાજ્ય અને વ્યક્તિના પરસ્પર સંબંધો, વ્યક્તિના સ્વભાવમાં રહેલા મુખ્ય ત્રણ તત્વોને આધારે સર્જાતી ત્રિવર્ગીય વ્યવસ્થા, રક્ષકો અને શાસકોને અપાતી કેળવણી, સ્ત્રીઓ, બાળકો લગ્ન વ્યવસ્થા અને સંપત્તિ તેમજ શાસકોની જીવનવ્યવસ્થા સાંપ્રતમાં પણ આદર્શ નગરની સ્થાપના માટે ઉપકારક નીવડી શકે તેમ છે.

**પાદટીપ/ સંદર્ભ પુસ્તકો :**

૧. અનુ. પ્રાણજીવન પાઠક : પ્લેટોનું આદર્શ નગર, : પ્રકાશક : ધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, પ્ર.આ. ૧૯૩૭ : પૃષ્ઠ ૭૯

૨. પ્રા.નરસિંહભાઇ બી. પટેલ : પ્લેટોનું રિપબ્લિક, : પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પ્ર.આ. ૧૯૮૪ : પૃષ્ઠ ૫૯

૩. અનુ. પ્રાણજીવન પાઠક : પ્લેટોનું આદર્શ નગર, : પ્રકાશક : ધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, પ્ર.આ. ૧૯૩૭ : પૃષ્ઠ ૨૩૭

૪. અનુ. પ્રાણજીવન પાઠક : પ્લેટોનું આદર્શ નગર, : પ્રકાશક : ધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, પ્ર.આ. ૧૯૩૭ : પૃષ્ઠ ૨૭૭